INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

==================================================================

અખબારી યાદી તા. ૦૩-૦૨-૨૦૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે અમદાવાદ શહેર જીલ્લા સમિતિની બેઠક યોજવામાં આવી હતી, અમદાવાદ શહેર જીલ્લાના આગેવાનો, કાર્યકર્તાઓએ આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ આદરણીયશ્રી જગદીશ ઠાકોરની અધ્યક્ષતામાં ભાગ લીધો હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી **જગદીશ ઠાકોરે** જણાવ્યું હતું કે, દરેક સમયની પોતાની માંગ અને જરૂરિયાત હોય છે, પહેલા સમયની માંગ હતી આઝાદી, ત્યાર બાદ સમયની માંગ બની દેશને પગભર બનાવવો અને તેને એકવીસમી સદીમાં દુનિયાના સર્વોચ્ચ દેશોની હરોળમાં ઉભો કરવો. ભારત દેશના આ પ્રત્યેક સમય ગાળામાં કોંગ્રેસ પાર્ટીએ આગેવાની કરી અને પોતાનું લોહી અને પરસેવો રેડી ભારત દેશને ગૌરવાન્વિત બનાવ્યો.

આજે ફરી દેશ સામે કપરો સમય આવી ને ઉભો છે. યુવાનો પાસે નોકરી નથી, પેપરો ફોડી તેમના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે, મોંઘવારી સામે સામાન્ય નાગરિક નિ:સહાય બની ગયો છે, મીડિયા નિષ્પક્ષ હોવાને બદલે એકજ પક્ષનું બની ગયું છે, એક-બે વ્યાપારીઓ દેશની સંપત્તિને ખુલ્લેઆમ લૂંટી રહ્યા છે, સરકારના નેતાઓ અને મંત્રીઓ દેશના નાગરિકો વચ્ચે ભેદભાવ ઉભા થાય તેવા ભાષણ અને આચરણ કરી રહ્યા છે. એટલે જ શ્રી રાહુલ ગાંધીએ સપ્ટેમ્બરમાં કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો પદયાત્રા શરુ કરી અને 4000 કિલોમીટર ચાલીને દેશના ખૂણે ખૂણે એકતા અને અખંડતાની મશાલ જલાવી. એક નેતા તરીકે, એક નાગરિક તરીકે અને કોંગ્રેસના સાચા સિપાહી તરીકે તેમણે પોતાની જવાબદારી નિભાવી છે. હવે જવાબદારી આપણી એટલે કે પ્રત્યેક નાગરિકની છે કે આપણે આ પ્રેમ, સદભાવ અને આશાની મશાલને સળગતી રાખીએ અને હાથથી હાથ જોડવા માટે તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ગાંધી આશ્રમ થી કોચરબ આશ્રમ સુધીની પદયાત્રામાં સૌને જોડાવવા આગ્રહ કર્યો હતો.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રભારીશ્રી **બિમલ શાહે** જણાવ્યું હતું કે, ગુજરાતના યુવાનોના ભવિષ્ય સાથે ચેડા સમાન વારંવાર પેપર લીકની ઘટના થઈ રહી છે. ગુજરાતમાં ભાજપ સરકાર ભ્રષ્ટાચારની તમામ હદો વટાવી ચુકી છે. વધુ એક વખત સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર ફૂટ્યું છે. તાજેતરની જુનિયર કલાર્કની પરીક્ષામાં ૧૦ લાખ થી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય રોળાયા છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે, ભાજપ સરકારમાં વારંવાર પેપર ફૂટવાની હકીકત દર્શાવતું શ્વેતપત્ર રજુ કરવામાં આવે તથા સ્પર્ધાત્મક પરીક્ષાની ફોર્મ ફી નાબુદ કરી અને પરીક્ષાના કોલ લેટરને રેલ્વે-બસમાં નિઃશુલ્ક પરિવહનનો પાસ ગણવામાં આવે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી **નીરવ બક્ષી**એ પક્ષ દ્વારા આપવામાં આવેલા આગામી કાર્યક્રમોને સફળ બનાવવા માટે શહેરના હોદ્દેદારો અને કાર્યકર્તાઓને અપીલ કરી હતી તથા જે પ્રમાણે એક ઉદ્યોગપતિને બચાવવા દેશની જનતાના રોકાયેલા મહામુલા એલ.આઈ.સી.ના રૂપિયાની બરબાદી થઈ છે અને એસ.બી.આઈ. બેંક અને પંજાબ નેશનલ બેંક જેવી અનેક સરકારી સંસ્થાઓએ અદાણી એન્ટરપ્રાઈઝમાં પોતાના રૂપિયા લગાવ્યાં છે, દેશની જનતાના રૂપિયાની જવાબદારી એ સરકારની છે અને સરકાર એ સાચવવામાં નિષ્ફળ રહી છે તેની સામે તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ સોમવારના રોજ એલ.આઈ.સી. ઓફીસ, રીલીફ રોડ, એસ.વી. કોલેજ પાસે બપોરે ૧-૦૦ થી ૩-૦૦ ધરણા પ્રદર્શન કરવામાં આવશે તથા ભારત જોડો યાત્રાની કડીરૂપ હાથ થી હાથ જોડો યાત્રા તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ ગાંધી આશ્રમ થી કોચરબ આશ્રમ સુધીની પદયાત્રામાં સૌને જોડાવવા આગ્રહ કર્યો હતો. ઉપરોક્ત આગામી કાર્યક્રમો માટે વિધાનસભા દીઠ તથા વોર્ડ વાઈઝ બેઠક કરીને આ કાર્યક્રમોને સફળ બનાવવા પ્રમુખશ્રી જગદીશ ઠાકોરને ખાતરી આપી હતી.

આ બેઠકની આભાર વિધી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં હાજર રહીને બેઠકને સફળ બનાવવા આભાર માન્યો હતો.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી નીરવ બક્ષી, અમદાવાદ શહેર પ્રભારી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બીમલ શાહ, મહામંત્રીશ્રી નઈમ મીરઝા, શ્રી ગીતાબેન પટેલ, શ્રી રાજુ બ્રહ્મભટ્ટ, શ્રી સી.એમ. રાજપુત, ગુજરાત પ્રદેશ ઓ.બી.સી. સેલના ચેરમેનશ્રી ધનશ્યામ ગઢવી, ગુજરાત પ્રદેશ સેવાદળના કાર્યકારી ચેરમેનશ્રી કિરણ પ્રજાપતી, અમદાવાદ શહેર લઘુમતિ સેલના પ્રમુખશ્રી રસીદ શેખ, ઓ.બી.સી. સેલના શહેરના પ્રમુખશ્રી જયસિંહ રાઠોડ, ગુજરાત પ્રદેશ મીડીયા સેલના કો-કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તા શ્રીમતિ રત્નાબેન વોરા, યુવક કોંગ્રેસના આગેવાનશ્રી ભુમન ભટ્ટ તથા શહેર સમિતિના આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આગામી કાર્યક્રમોની માહિતી

| તારીખ | કાર્યક્રમ | સ્થળ | સમય |
|---|---|---|---|
| ૬-૨-૨૦૨૩ | ધરણાં પ્રદર્શન | એલ.આઈ.સી. ઓફિસ,<br>એસ.વી. કોલેજની પાસે,<br>રીલીફ રોડ, | બપોરે ૧-૦૦ કલાક થી<br>૩-૦૦ કલાક સુધી |
| ૭-૨-૨૦૨૩ | હાથ સે હાથ જોડો પદયાત્રા | ગાંધી આશ્રમ થી કોચરબ<br>આશ્રમ સુધી | સવારે ૧૧-૦૦ કલાક થી |

(હેમાંગ રાવલ)
મીડીયા સહકન્વીનર અને પ્રવક્તા